# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના (બી.એડ્. અભ્યાસક્રમ સહિત) પ્રવેશ માટે તા. ૧૫/૦૭/૨૦૨૪ બાદ આગળનો રાઉન્ડ**

આથી સર્વે સંબંધકર્તા વિદ્યાર્થીઓ, કોલેજના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે હવે પછી નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૧૬/૦૭/૨૦૨૪ થી ૨૩/૦૭/૨૦૨૪ | ૧. જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર ફોર્મ ભરેલ હોય **તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.**<br>૨. અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવો હોય તેઓએ સરદાર પટેલ યુનિવર્સિટીની વેબસાઇટ(www.spuvvn.edu/students_corner/admissions/) પરથી પ્રવેશ ફોર્મની પ્રિન્ટ લઈ, જરૂરી દસ્તાવેજો સાથે કોલેજ/વિભાગમાં ફોર્મ ફી રૂા. ૩૦૦/- ભરી પ્રવેશ લઈ શકશે.<br>૩. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓને ખાલી રહેતી બેઠકો ઉપર પ્રવેશ માટેનો ઓફર આપવાનો રહેશે.<br>૪. વિદ્યાર્થીઓએ જે કોલેજ/વિભાગમાં પ્રવેશ મેળવવો હોય તેની ખાલી સીટોની માહિતી મેળવવા કોલેજ/વિભાગનો રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવાનો રહેશે.<br>૫. કોલેજ/વિભાગ ખાતે રૂબરૂ સંપર્કમાં વિદ્યાર્થીએ ભરેલ ફોર્મ તથા તમામ દસ્તાવેજોની એક નકલ તેમજ તમામ અસલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.<br>૬. કોલેજ/વિભાગે વિદ્યાર્થીઓના તમામ દસ્તાવેજોની તથા Eligibility ની ચકાસણી કરવાની રહેશે.<br>૭. ચકાસણી બાદ વિદ્યાર્થી પ્રવેશ મેળવવા પાત્ર હોય તો કોલેજ/વિભાગે વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.<br>૮. નવા ફોર્મ ભરી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની માહિતી GCAS/GIPL ની માર્ગદર્શિકા/સુચના મળ્યેથી તે મુજબ કોલેજ/વિભાગે અપલોડ કરવાની રહેશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ ઈસ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૨૨૨૮

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ ૧૫/૭/૨૦૨૪

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. સર્વે આચાર્યશ્રી/વડાશ્રી, સંલગ્ન કોલેજો/અનુસ્નાતક વિભાગ તરફ

૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપર મુજબની કાર્યવાહી સારૂ.